# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

હાથમાં પેન હોતી નથી ને લખું છું,
આ હવામાં બહુ સાચવીને લખું છું.

એક કમરામાં બેસી મથીને લખું છું,
બહાર ખુલ્લા મને નીકળીને લખું છું.

ભીતરી ભવ્યતા જોઈ લઈને પહેલાં,
હું તને દૂરથી નીરખીને લખું છું.

- ભરત વિંઝુડા

## પાથેય

- રમેશ ઠક્કર

### લખવાનું લખલખું !

લખાણની પણ ફીટનેસ હોય છે..સરળ અને અનુભુતિની સચ્ચાઇવાળું આલેખન હંમેશાં આહલાદક હોય છે..શબ્દાળુતા અને શબ્દાડંબર એક પ્રલોભન હોય છે..જેને ટાળવું કોઇપણ લેખક માટે મુશ્કેલ કામ છે..

વધારે પડતી સરળ શૈલી કંટાળો નિપજાવે છે...તો દુર્બોધતા એ સ્વયં અણગમો છે..આનો અર્થ એવો પણ નથી કે કેવળ સરળતાના માપદંડથી કે નવું કરવાની તાલાવેલી થકી જ શબ્દ પ્રગટવો જોઇએ...નવોન્મેષ કે તાજગી એ પણ આલેખનની આગવી ઓળખ હોય છે..

નવા શબ્દો ઝડઝમક...અલંકાર કે પ્રભાવક પદાવલીઓ એ આમ જોઇએ તો આવશ્યક ઉપકરણો છે...કથાપ્રવાહ એ ધસમસતો હોય કે રસાળ એની ગજબ મોહિની હોય છે..

ક.મા.મુનશી ને વાંચીએ ત્યારે એમાં કલ્પનોની સાથે ઊર્મિઓનો અભિનિવેશ છલકતો જોવા મળે છે..ગો.મા.ત્રિપાઠીનું વૈવિધ્યસભર પાત્રાલેખન ભારઝલ્લું બન્યા વગર આપણા અંતરને ઝળહળાવી જાય છે...

ચુનિલાલ મડિયા કે પન્નાલાલ પટેલની ગ્રામ્ય શબ્દાવલિઓ કે દેહાતી પરિદ્રશ્યો ભલે આપણી અનુભૂતિ ના હોય છતાં પણ ચિત્તાકર્ષક બની જાય છે. ગાંધીજીની ભાષામાં જે સાદગી છે એની આભા અનેરી છે...

પંડિતયુગના સાક્ષરોની સંસ્કૃતપ્રચુર શૈલીનો આગવો અંદાજ હતો...ચંદ્રકાંત બક્ષીની ખરબચડી ગુજરાતીનો અલગ ટેસ્ટ છે..શબ્દનું રસાયણ ગુઢ છે..એને વ્યાખ્યાયિત કરવું એટલે પતંગિયા ને પાંખોનું શાસ્ત્ર સમજાવવું..!

ભાષાનો પીંડ શબ્દો થકી ઘડાય છે. સંવેદનાથી સિંચાય છે..સચ્ચાઇથી પુષ્ટ બને છે અને પ્રતિભાથી પુલકિત થાય છે....

ખેલકૂદમાં જેમ તરવરાટ અને ચુસ્તીસભર અંગમરોડનો આગવો અંદાજ હોય છે, એમ શૈલીનો પણ પોતીકો નજારો હોય છે...લેખનની દુનિયામાં સ્ફૂર્તિદાયક શબ્દો અને નાવિન્યસભર પેશકશનો એક આગવો અભિગમ હોય છે...!!

# ભારતીય નારી હવે અબળા નહીં પ્રબલા

**તંત્રીસ્થાનેથી...**

તહેવારોની મોસમ તો અષાઢી બીજથી જ શરૂ થઈ જતી હોય છે. ચોમાસું પાવસ ઋતુ ગણાય છે. મેઘરાજા મુકેશ અંબાણી કે નરેન્દ્ર મોદીની આમાન્યા પણ નથી રાખતા. એ તો મરજી પડે ત્યારે મન મૂકીને વરસે છે અને રિસાઈ જાય તો કાળી કળેળાટી બોલાવી દે છે. દુકાળિયા મલક તરીકે ઓળખાતા કચ્છને તરબોળ કરી શકે છે. ચોવીસે કલાક ધમધમતી મુંબઈ નગરીને એ સમુદ્રમાં સરકતી 'મગરી' બનાવી શકે છે. અને એ જ ચોમાસામાં આપણે સ્વાતંત્ર્ય દિવસ પણ આવે છે. દેશના વડાપ્રધાન લાલ કિલ્લા પરથી નહેરુએ શરૂ કરેલી પરંપરા મુજબ 'રૈયત'ને સંબોધે છે. ખરાં-ખોટાં, ગળચટાં વચન આપે છે. ગળગળા થઈ જાય છે. સંવેદનશીલ માનવીને ભાષણ કરતાં કરતાં પણ ગળું રૂંધાઈ જાય તો તેને અભિનય ના સમજવો જોઈએ. વડાપ્રધાન નારીની વાત કરતાં કરતાં ભાવુક થઈ ગયા. નારી તો નારાયણી છે. એ જન્મે છે ત્યારે જ એક એક ડગલું માતૃત્વ ભણી ભરતી હોય છે. એનો આદર કરતાં સૂત્રો તો આપણા ઋષિમુનિઓએ લખ્યાં - 'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે - રમન્તે તત્ર દેવતા :' એવું જ એક રૂપકડું સૂત્ર છે. 'જે કર ઝુલાવે - પારણું, તે જગત પર શાસન કરે.' એવી એક કંડિકા તો આપણા જ કવિએ રચી દીધી. પણ એનો એનો કઠોર વાસ્તવ તો એ છે કે એનો જન્મ જ ન થાય ત્યાં સુધીની ક્રૂરતા આપણા કહેવાતા સુસંસ્કૃત સમાજે અમલમાં મૂકી દીધી ! નારીની ઈજ્જતની પારાશીશીમાં ફેરવી દીધી. એને 'પતિવ્રતા' બનાવી દીધી અને પતિ અર્થાત્ એના ભાગે આવેલ પુરુષ પોતે એનો 'પરમેશ્વર' થઈ બેઠો. એને હિંદી નવલકથાકાર - વાર્તાકાર ચંદ્રકિરણ સૌનરેક્સાએ એમની આત્મકથા 'પિંજરે કી મૈના'માં કેદ કરી તો વળી આપણા ઝવેરચંદ મેઘાણીએ 'વહુ અને ઘોડો' જેવી કાલજયી નવલિકામાં. વડાપ્રધાનનું વાચન વિશાળ છે. એટલે એમણે નારી ચેતનાની કુંદનિકા કૃત નવલકથા 'સાત પગલાં આકાશમાં' વાંચી એ પહેલા રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તની 'યશોધરા' પણ વાંચી હશે. એની એક કંડિકા બહુ જ લોકપ્રિય બની ગઈ છે :

અબલા જીવન હાય, તુમ્હારી યહી કહાની ?
આંચલ મેં હૈ દૂધ ઔર આંખો મેં પાની !

દૂધથી છલોછલ માતૃસ્વરુપ સાથે જ પત્ની તરીકેનું પીડિત સ્વરુપ એકીસાથે ભોગવતી અને જોગવતી સ્ત્રી એટલે પરાપૂર્વથી, છેક સીતાના અને દ્રૌપદીના સમયથી ચાલી આવતી આપણી પરંપરાની બેડીઓમાં જકડાયેલી સ્ત્રી. એને રાજા - રજવાડાં અને પ્રતાપી પૂર્વજોએ સંસ્કારિતાના નામે માત્ર લક્ષ્મણ રેખાઓ જ દોરી આપી હતી ઈંદિરા ગાંધીએ બળવો કર્યો અને બે બાળકોના બાપને છોડીને બેઉ સંતાનો સાથે પિતૃગૃહે પાછી ફરી. હતાં તો 'લવ મેરેજ' સ્વમાન ઘવાયું કે પેલી પ્રેમની નાગરવેલ સુકાઈ ગઈ. એમાંથી આપણને સાંપડી એક સાક્ષાત્ દુર્ગા. મમતા બેનરજીએ તો પુરુષના સકંજામાં આવવાનું જ પસંદ ન કર્યું. માયાવતીનું નામ પણ કેમ ભુલાય ? દખ્ખણ પણ એકચક્રી શાસન કરનારી જયલલિતા પણ નારી ચેતનાનો જ વિસ્ફોટક આવિષ્કાર હતી. આજે આપણને રાષ્ટ્રપતિ પદે એક વનવાસી મહિલા મળી છે. શરુઆતમાં એને જાહેર જીવનમાં પ્રવેશ આપતાં પતિને ખંચકાટ જ થયેલો. છતાં એનું મનોબળ મજબૂત હતું. ગુજરાતે એક આનંદીબેન પણ આપ્યા છે. અંતે પુરવાર થયું છે કે ધારે તો 'અબલા' તમામ વ્યવધાનો ઓળંગીન 'પ્રબલા' બને તો એ સાક્ષાત્ સરસ્વતી કે લક્ષ્મી તરીકે પૂજાઈ શકે. જરૂર પડે તો એને દુર્ગા કે કાલીનું વિકરાળ રૂપ પણ ધારણ કરવું પડે. પરંતુ તમામ તબક્કે એ 'મા' તો રહેશે જ. એથી જ આપણે ભારતને મધર ઈંડિયા - ભારત માતા અને પૃથ્વીને માતા કહીએ છીએ !

# ક્રિકેટ અને સિનેમાનો સંબંધ



**મન-રંજન**
દ્વનિલ પારેખ

ક્રિકેટ અને સિનેમાનો સંબધ પહેલેથી ચર્ચાસ્પદ રહ્યો છે. બંને સાથે ભરપૂર ગ્લેમર જોડાયું છે અને બંને ક્ષેત્રની સેલેબ્રિટીઓનું જાહેરાતનું માર્કેટ મોટું હોય છે. આ કારણસર જ અનેક ક્રિકેટની સેલેબ્રિટીઓ પર હાલમાં રજૂ થયેલી ફિલ્મ 'શાબાસ મીતુ' પણ મહિલા ક્રિકેટર મિતાલી રાજના જીવન પર આધારિત છે. તાપસી પન્નુ જેવી સશક્ત અભિનેત્રી મિતાલી રાજની ભૂમિકા ભજવી રહી છે. પૂર્વ સંદીપ પાટિલ જેવા ક્રિકેટરે પણ બે-ત્રણ હિન્દી ફિલ્મોમાં અભિનય કર્યો હતો. પાકિસ્તાની ક્રિકેટરો પણ ભારતીય હિન્દી ફિલ્મમાં પોતાનું નસીબ અજમાવી ચૂક્યા હતા. વિવિયન રિચર્ડ્ઝ અને નીના ગુપ્તાના સંબંધોથી આપણે સહુ વાકેફ છીએ તો ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ પાકિસ્તાની ક્રિકેટર સાથે લગ્ન કર્યા હતા. મુદ્દો એ છે કે ખેલજગત અને સિનેમાજગત વચ્ચે કોઈ વિશિષ્ટ સંબંધ રહેલો છે. બંને ક્ષેત્રની સેલેબ્રિટીઓ પરસ્પરની કોઈક ને કોઈક ભૂમિકામાં નજરે પડે છે અને એમાં સફળ પણ થાય છે.

આ ચર્ચા કરીએ છીએ ત્યારે ૧૯૮૩ના વર્લ્ડકપને જીવંત કરતી ફિલ્મ '૮૩' પણ યાદ કરવા જેવી છે. કપિલ દેવની ભૂમિકામાં રણવીર સિંહ જામે છે અને ફિલ્મ એ સમયમાં, વાતાવરણમાં આપણને લઈ જાય છે. તો ફિલ્મના કેન્દ્રમાં ક્રિકેટ હોય એવી ફિલ્મમાં પણ બની છે. એમ.એસ. ધોનીની બાયોપિક પણ યાદ આવે છે. સુશાંત સિંહની લાજવાબ ભૂમિકા એ ફિલ્મ હતી. આમીર કાન અભિનિત બે ફિલ્મો 'અવ્વલ નંબર' અને 'લગામ' ફિલ્મમાં પણ ક્રિકેટની રમત કેન્દ્રમાં હતી. મહત્ત્વની વાત એ છે કે ક્રિકેટની રમત મહત્ત્વની હતી પણ એની પાછળનો હેતુ એકદમ જુદો હતો 'લગાન' એ રીતે મહત્ત્વની ફિલ્મ હતી. ક્રિકેટની રમત જ કેન્દ્રમાં હોય એ સંદર્ભે નશીરુદ્દીન શાહ અભિનિત ફિલ્મ 'ઈકબાલ' પણ યાદ કરવા જેવી છે. નશીરુદ્દીન શાહ અને મૂંગા ક્રિકેટર તરીકેનો શ્રેયસ તલપડેનો અભિનય યાદગાર હતો સિનેમાનું ક્રિકેટનું આકર્ષણ અને ક્રિકેટરોને પણ સિને હસ્તીઓનું આકર્ષણ રહ્યું ચે. એટલે તો શાહરૂખ ખાન, પ્રીતિ ઝિન્ટા જેવા કલાકારો આઈપીએલની રમત સાથે સંકળાયેલા છે. ક્રિકેટરોએ અભિનેત્રીઓને પોતાની જીવનસાથી બનાવી હોય એવા પણ દાખલા છે. હરભજન સિંહ ગીતા બસરા નામની અભિનેત્રી સાથે લગ્ન કર્યા હતા તો વિરાટ કોહલી અને અનુષ્કા શર્માની જોડી તો જાણીતી છે.

આમ, ક્રિકેટ અને સિનેમા બંને ગ્લેમર વર્લ્ડને આકર્ષે છે. ભારતમાં હવે મહિલા ક્રિકેટ ટીમ પણ પોતાનું વજૂદ સ્થાપી રહી છે. સિનેમા અને ક્રિકેટ બંનેમાં ખુબ પૈસો છે. અને એ પૈસો પણ આકર્ષે છે આ પ્રકારના લગ્નો અને આ પ્રકારના સંબંધો લાંબા સમય સુધી ટકે છે કે કેમ ? સંબંધ ટકવો જરૂરી છે, આકર્ષણ અને ગ્લેમર ક્ષણભંગુર છે, એ જેટલું જલદી સમજાય એટલું સારું !

# "મા ભોમની કદર ન કરે એમ પણ બને, હો જાણ પણ ખબર ન કરે એમ પણ બને કંઈ કેટલા શહીદ થયા દેશને માટે, પણ કોઈને અસર ન કરે, એમ પણ બને. વિવિધતામાં એકતાની સૌ કરે છે વાત, એક ગામ એક નગર ન કરે, એમ પણ બને"



**એમ પણ બને**
પારૂલ અમિત

સ્વતંત્રતા એટલે શું? આ એક ખૂબ રસપ્રદ પણ જટિલ એવો મહત્વપૂર્ણ વિષય છે.

આજના સમયમાં આઝાદી, સ્વતંત્રતા એવા વિષયો સામાન્ય લાગતા હશે. કારણ આજની આપણી ટેક્નૉલૉજી વાળી પેઢીને આ સ્વતંત્રતાનો સાચો અર્થ કોઈને ખબર જ નથી.

આમા કદાચ હું અને તમે પણ હોઈશું જ.

સ્વતંત્રતા એટલે શું? આ પ્રશ્ન જો હું મારા કે તમારા બાળકને પૂછું તો પહેલા મારે પૂછવુ પડે કે ફ્રીડમ વિશે જાણ છે?

તો તરત કહેશે કે આખો દિવસ મોબાઈલમાં ગેમ રમવાની અને ટીવી જોવા મળી જાય કોઈ રોકટોક વગર એટલે ફ્રીડમ....સ્વતંત્રતા....

મરજી મુજબ ઓન લાઈન શોપીંગ અને ઘરે બેઠાં ફાસ્ટ ફૂડ એક કલિકે મળે એ સ્વતંત્રતા.

આ વાત તો થઈ બાળકોની પણ યુવાનીમાં સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચેનો ફરક સમજે એ સમજશક્તિ કેળવાયેલી છે ખરી?

તો ખરેખર સ્વતંત્રતા એટલે શું?

મરજી મુજબનું જીવન જીવવું એટલે સાચી સ્વતંત્રતા?

કદાચ સ્વતંત્રતા એટલે હક,અધિકાર .

પણ આપણને બધાં હક અને અધિકાર મળી ચૂક્યા છે નાનપણથી , પણ જ્યારે નહોતા મળ્યા અથવા જેને હજુ મળ્યા જ નથી એમનું શું?

મિત્રો, વિદેશીઓ દ્વારા પોતાના જ નહી પણ આખા દેશના હક છીનવી લીધેલ હોય અને તેના માટે એક જૂથ થઈ લડત લડવી પડે એ જુસ્સો કેવો હશે?

જ્યાં ઈન્ટરનેટ જેવી કોઈ સુવિધા ના હોય છતાં આખે આખા રજવાડા ભેગા કર્યા હોય એ જુસ્સો ખરેખર કાબિલેદાદ છે.

કદાચ એ એટેલે શક્ય બન્યુ હોય કે ત્યાં સલાહકાર બનવા કરતાં માર્ગદર્શક બનનારા માણસો વધુ હશે.

અને એ ક્રાંતિવીરો દેશ પ્રેમની લાગણીઓ કેવી કેવી કવિતાઓ, અને પત્રોમાં કંડારતા હતા.

ગાંધીજીના વિચારો ને અને એમની ચળવળ વિશે આપણે સૌએ વાંચ્યું અને ફિલ્મો પણ જોઈ,માત્ર જોવા અને વાંચવાથી આપણે એ પીડા સમજી શકીએ ખરાં?

આટલા વર્ષે પણ આપણે આઝાદીનો ખરો મતલબ સમજી શક્યાં નથી.

આપણે બસ ગાઈ અને બે શબ્દો લખી આઝાદીના પર્વને ઉજવી લઈએ અને રજાની આઝાદી માણીએ.

પણ! એ સ્વાતંત્ર સેનાની વ્યક્તિ જેલમાં કેદ હોય અને જુલ્મ સહન કરતાં હોય અને એ સમયે કવિતા સ્ફુરે જેનાથી લોકોમાં જુસ્સો આવે અને લડત ને અંજામ આપે.

ગુલામીના યુગમાં ભાગ્યે જ કોઈ કવિ એવો હશે જેણે સ્વાતંત્ર્યની લડત વિષે કે ગાંધીજી વિષે એક પણ કાવ્ય લખ્યું ન હોય.

એક માહિતી અનુસાર ૧૯૩૦થી ૧૯૫૦ સુધીના સમયગાળામાં આ પ્રકારનાં ઢગલાબંધ કાવ્યો આપણી ભાષામાં લખાયાં. પણ તેમાં સૌથી વધુ લાંબો સમય ટકી રહ્યાં હોય તો તે રાષ્ટ્રીય શાયર સ્વ.ઝવેરચંદ મેઘાણીના કાવ્યો.

એ કાવ્યો વાંચીએ એટલે નજર સમક્ષ આખા દ્રશ્ય આંખ સામે ઉપસી આવે.

મેં ક્યાંક વાચ્યું હતું કે ૧૯૩૦ના એપ્રિલની છઠ્ઠી તારીખે પ્રગટ થયેલા 'સિંધુડો' નામના ૩૦ પાનાંના સંગ્રહમાં ૧૬ કાવ્યો લખાયા હતાં.

જે એ સમયમાં લોકોમાં અગ્નિ જ્વાળાની જેમ પ્રસરવા લાગ્યાં હતાં. એક હાથિયાર સમા.

બ્રિટીશ સરકાર ગુજરાતી ભાષાના આ કાવ્ય જોઈ ચોંકી ઊઠી હતી અને આ સંગ્રહની બધી નકલો જપ્ત કરી હતી. પરંતુ તે પહેલાં તો તેની દસ હજાર જેટલી નકલો વેચાઈ ચૂકી હતી.

એ સમયમાં મેઘાણીને બે વર્ષની જેલની સજા પણ થઈ હતી.

મેઘાણી સાહેબ ના કાવ્યની અમુક પંક્તિ રજુ કરું છું.

પડું કેદખાનાંને ઓરડે,
લટકુંયે ફાંસીને દોરડે,
લાખો ગોળી તોપતણી ગડે;
તારો હાથ હોય લલાટ,
તો ભલે આવે જુલ્મ તણી ઝડી !
તારું નામ હોય જબાન,
તો શી છે ભીતિ, ઓ મારી માવડી !
મારા દેશના સહુ શોષિતો,
દુનિયાના પિડીતો તાપિતો
ખૂણે ખૂણે ગાય તારા ગુણો
એના ભૂખ્યા પેટ છતાં એને, કેવી મોંઘી તુ કેવી મીઠી
એના બેડી બંધન તુટશે,

એવી આશે ખલ્ક બધી ખડી !

કેવું વર્ણન આ મહાન કવિ દ્વારા.

શાસ્ત્ર અને શસ્ત્રએ બન્ને અંગ્રેજો પર ભારે પડ્યા હતાં.

કેટલાયે સ્વાતંત્ર્ય સેનાનીઓ એ ગુજરાતી,હિન્દી, બંગાળી, ઉર્દુ કેટ કેટલી ભાષામાં તો કારાવાસમાં કાવ્યો લખ્યા હતાં. જે પોતે જ એકતાનું એક મુખ્ય પરિબળ હતું.

દેશ અને દેશની આઝાદીને ખાતર કુરબાન થનારા સર્વે વીરો-શહીદોને કોટિ કોટિ નમન!

આ આઝાદી નિમિતે મારુ એક કાવ્ય રજૂ કરું છું.

થાય મન મોટા તો બધાં આઝાદ જ છે
ગુલામ તો મન ના વિચારો થી જ છે,
દેશ દાઝ શું? શરૂઆત પોતાનાથી જ છે,
મુક્તિ ખુલ્લા મન ના આચરણ ની જ છે,
દિલ સાફ તો દેશ ભક્તિ સાચી જ છે,
ખરી સ્વતંત્રતા તો મનથી મુક્ત વિચારો ની છે,
"પ્રેમ ભાવ પરસ્પર એ જ રાષ્ટ્ર ભાવના છે"
"ભારત સુખી, સંપ્પન આઝાદ ત્યારે જ છે"
શહીદોને સાચી સલામી શાન થી છે.
આ દેહ ભારતની ભૂમિ ને નતમસ્તક છે.

# 'પોતાની ભૂલો, તેનો સ્વીકાર અને તેના આધારે જીવનમાં આણેલા પરિવર્તનો એજ તો એથિક્સ'



**જાત સાથે વાત**
ધર્મેન્દ્ર ત્રિવેદી

એક શબ્દ છે એથિક્સ એટલે કે નીતિમત્તા. અરે ના, મારે કાંઈ તમને એથિક્સ નથી શીખવાડવા પણ મારે મન એથિક્સ શું છે, કેવા હોવા જોઈએ અને તેની જરુર શી છે તેની વાત કરવી છે.

સર્પ પકડવાની શરુઆતના અનુભવો બાદ ધીમે ધીમે મન ટેવાતુ ગયું, અને ફીઅર ફેક્ટર ઓછું થતું ચાલ્યું. ડર જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ મન નવા નવા રવાડે ચડાવે. મારું વિચિત્ર મન પણ મને સર્પો સાથે પ્રયોગો કરવા લલચાવતું. સર્પ બચાવની મારી પ્રવૃત્તિ દરમિયાન અલગ અલગ સર્પો સાથે અનેક પ્રકારના પ્રયોગો કરેલાં. આ પ્રયોગો કરવા પાછળના બે કારણો હતાં. એક તો અમને શીખવનાર કોઈ નહોતું તેથી સર્પના હલન ચલન, એક્શન-રીએક્શન શીખવાની અમારી મજબૂરી અને બીજુ કારણ જાહેરમાં વટ પાડવા, સીન મારવા, છવાઈ જવા અને હીરોગીરીના અભરખા પણ ખરા ! આ બધામાં એક નાનકડી ઘટના બની જે મારુ આખું માનસ પરિવર્તન કરી ગયેલી.

એક દિવસ ચોમાસામાં એક સ્નેક કોલ આવ્યો. એક સોસાયટીના ખૂણે ઈલેક્ટ્રિસીટીના થાંભલાની નીચેથી અન્ડરગ્રાઉન્ડ વીજળીના તાર આવતા હોય ત્યાં મોટો નાગ છૂપાયેલો. સાપ લોકોના ટોળાના ડરને લીધે અંદર બરોબર કુંડલી મારીને લપાઈ ગયેલો. મારી પાસે એક લોખંડનો બનેલો દેશી સ્નેક હૂક હતો, પરંતુ આ હૂક અંદર નાખું તો શોટ લાગવાનો ભય પણ હતો. બીજો ભય એ હતો કે, નાગ હૂક નાખવાથી ભાગવા જાય અને તે પોતે શોટસર્કિટ થઈ જાય. મારે એ ધ્યાન રાખવાનું હતું કે, મને પણ શોટ ન લાગે અને નાગને પણ ન લાગે.

આવી સ્થિતિમાં નાગને સલામત રીતે બહાર તો કાઢ્યો અને પૂંછડીથી પકડી પણ લીધો, પરંતુ પછી યાદ આવ્યું કે, તેને પૂરવા માટે થેલી કે ડબ્બો ક્યાં ! મને કોલ કરનારને વિનંતી કરી કે એક ડબ્બો, બરણી, થેલી કે પછી ઓશીકાનું કવર આપો. દુ:ખ એ કે ગાંધીનગરમાં લોકો તરત પ્લાસ્ટિકની સાદી થેલી લઈને હાજર થઈ જાય, કોઈને કપડાંની થેલી આપવાનું ગમે નહીં. હવે કપડાની થેલી આપવામાં જીવ કપાતો હોય તેઓ પતરાના કે સ્ટીલના ડબ્બા તો શું આપવાના? ઘણી વાર એવુ પણ બને કે હુ બે ત્રણ વાર બૂમ પાડુ ત્યારે મને કે ક-મને કોઈ પોતાના ઘરમાંથી તુટેલી ફાટેલી થેલી આપે.

આ સમયગાળામાં મને સાપ સાથે રમત કરીને હીરોગીરી કરવાનો અને સીન મારવાનો ભરપૂર સમય મળી રહેતો ! સાપને પૂરવાનું સાધન મળી જાય ત્યાં સુધી હું નાગને ડરાવી ફેણ કઢાવું, તેની સાથે રમ-મસ્તી કર્યા કરું. આજુબાજુના લોકો વાહવાહી કરે તેનો પણ એક અજબ નશો હતો. થેલી અથવા ડબ્બો આવે ત્યાં સુધી નાગ સાથેની મારી મસ્તી, ટપલીદાવ અને અપમાનજનક ભાષાનો પણ ઉપયોગ થયેલો. ડબ્બો આવ્યો, તેમાં નાગને ઉતારી દીધા બાદ આજુબાજુમાં લોકો મને ઘેરી વળ્યા અને અનેક પ્રશ્નોનો મારો ચાલ્યો. એક વડીલ શાંતિથી મારી વાતો સાંભળી રહેલા.

ભીડ ઓછી થઈ અને બચ્યા એક બે યુવાનો અને પેલા વડીલ. મેં નીકળવાની તૈયારી કરી ત્યારે એ વડીલે મને રોક્યો અને કહ્યું "મારે તમને એક બે પ્રશ્નો પૂછવા છે." મેં કહ્યું પુછો. એમણે મને પુછ્યું "તમારે સંતાન કેટલાં ?" મેં કહ્યું કે એક દિકરી, એટલે બીજો પ્રશ્ન આવ્યો "શું તમે તમારી દિકરીને પ્રેમ કરો છો ?" મને એમના આ પ્રશ્નની નવાઈ તો લાગી, પણ મેં કહ્યું હા, "એકની એક દિકરી છે અને છોકરા તો વ્હાલા જ હોય ને?" એમણે કહ્યું કે "મેં જોયું કે તમે ડબ્બો આવે ત્યાં સુધી તેની સાથે જે રીતે રમત કરતા હતાં અને સાપ માટે જે ભાષા વાપરતા હતાં તે અત્યંત અપમાનજનક હતી. તમને કોઈએ પૂછ્યું કે તમે સાપ કેમ પકડો છો તો તમે કહેલું 'આઈ લવ સ્નકેસ'. જો તમે સાપને પ્રેમ કરો છો અને તેની સાથે આ રીતે વર્તો છો તો શું તમે તમારી દિકરીને પણ આ જ રીતે પ્રેમ કરતા હશો કે નહીં એ જાણવા આ પ્રશ્ન પૂછ્યો!"

આ વડીલના એક સીધા સાદા પ્રશ્નએ મને શરમાવી દીધો અને વિચારતો પણ કરી મૂક્યો. એ ઘડીથી મેં એ વડીલને ખાતરી આપી કે હું હવેથી કોઈ પણ સાપ સાથે આ પ્રકારનો અણછજતો વ્યવહાર નહીં કરું. આ પ્રસંગે મને સર્પ સાથેના વર્તન અથવા ગેરવર્તનના માપદંડો અને નીતિમત્તા અંગે વિચારતો કરી દીધેલો. અને એ વિચારણાઓ મારા સર્પ સાથેના વર્તન અંગેના એથિક્સના જન્મનું કારણ બન્યું. પણ હા, ત્યાર બાદ એક પણ વાર નથી મેં કોઈ પણ સર્પ સાથે દુર્વ્યવ્હાર કર્યો, કે નથી બીજા કોઈ સર્પનિષ્ણાતને કરવા દીધો. સપ્ટેમ્બર ૨૦૧૮માં વલ્લભવિદ્યાનગર ખાતે યોજાયેલા એક-દિવસીય સર્પ અંગેના કાર્યક્રમમાં ભારતના મોટા સર્પવિશેષજ્ઞોએ સર્પ સાથેના વ્યવહારના એથિક્સ પણ શીખવાડ્યા. મારે કરવાના ટૂંકા પ્રવચનમાં મેં કહેલું કે "એથિક્સ શું કોઈ શીખવાડી શકે ? જેમણે પણ આ એથિક્સ બનાવ્યા હશે એમણે પણ તેમના વિચારોમાંથી જ બનાવ્યા હશે ને? તો શા માટે આપણે કોઈએ બનાવેલા, વિચારેલા અને ઘડી કાઢેલી નીતિમત્તાઓને સીધી અમલમાં મૂકવી જોઈએ? મારા ઉપર જણાવેલા ઉદાહરણને ટાંકીને કહેલું કે "પોતાની ભૂલો, તેના સ્વીકાર અને તેના આધારે જીવનમાં આણેલા પરીવર્તનો એજ તો એથિક્સ." આ ઘટના બાદ મેં કદી બીજાની માફક સાપને બેકાળજીપૂર્વક, બેજવાબદારીપૂર્વક હેન્ડલ કર્યો નથી. સર્પ સાથે સ્ટન્ટ કરીએ ત્યારે જોવા વાળા વાહવાહી જરૂર કરશે પરંતુ જ્યારે આવા સ્ટન્ટ દરમિયાન સર્પદંશ થાય ત્યારે કોઈ ખબર પૂછવા પણ આવશે નહીં.

**હેન્ડબ્રેક :**
"આપણું પોતાનું દિમાગ અને હૈયુ જ
એથિક્સનું જન્મ સ્થાન બનવું જોઈએ."

- ધ.ત્રિ.
djtrivedi@gmail.com